મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા -૩૯૦૦૦૭.
ફેકસ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩) ,૦૨૬૫) ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪
CIN :U40102GJ2003SGC042907
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦ ઇ-મેઇલ – cetech.mgvcl@gebmail.com
Website: www.mgvcl.com ઇ-મેઇલ – ceproj.mgvcl@gebmail.com

(નિવિદા નં. ૨૨/૧૬)

## ઘરવપરાશ હેતુ ના વીજ જોડાણથી વંચિત બીપીએલ લાભાર્થીઓ અને સામાન્ય કુટુંબો ના વીજ જોડાણ અંગે

મધ્ય ગુજરાત વીજ કંપની લી. નાં ધ્યાન ઉપર આવેલ છે કે કંપની દ્વારા પૂરતા પ્રયત્નો કરવા છતાં હાલ માં ઘણાં બીપીએલ લાભાર્થી ઓ તથા સામાન્ય કુટુંબો ઘર વપરાશ હેતુ માટે ના વીજ જોડાણ થી વંચિત છે

ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં રહેતા કુટુંબો જો ઘરવપરાશ હેતુ માટે ના વીજ જોડાણથી વંચિત હોય તો નીચે જણાવેલ વિવિધ યોજનાઓ અંતર્ગત વીજ જોડાણ મેળવી શકે છે.

૧. ઝૂંપડપટ્ટી યોજના :

→ ગામતળ/શહેરી વિસ્તાર અથવા એક જ જગ્યાએ ૨૦ ના જૂથમાં રહેતા હોય અને તેઓની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭૦૦૦/- કે તેનાથી ઓછી હોય અથવા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦/- કે તેનાથી ઓછી હોય તેવા તમામ અરજદારો સદર યોજનાનો લાભ મેળવી શકે છે.

→ અરજીની નોંધણીનું સ્થળ : જે તે વિસ્તાર ની સ્થાનિક સત્તામંડળની કચેરી (તલાટી, તાલુકા વિકાસ અધિકારી જીલ્લા વિકાસ અધિકારી અથવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી) અથવા સંબંધિત પેટા-વિભાગીય કચેરી.

૨. કુટિર જ્યોતિ યોજના અને પેટા-પરા યોજના (ફક્ત આદિજાતિ (ST) વિસ્તાર માટે) :

→ ગામતળમાં રહેતાં અથવા એક જ જગ્યાએ ૧૦ ના જૂથમાં રહેતા હોય અને તેઓની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭૦૦૦/- કે તેનાથી ઓછી હોય અથવા શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦/- કે તેનાથી ઓછી હોય તેવા તમામ અરજદારો સદર યોજનાનો લાભ મેળવી શકે છે.

→ અરજીની નોંધણીનું સ્થળ : જે તે વિસ્તાર ના પ્રાયોજના અધિકારીશ્રી(પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર) ની કચેરી અથવ સંબંધિત પેટા-વિભાગીય કચેરી.

૩. એસ.સી.એસ.પી. યોજના :

→ જે અરજદારોનો અનુસૂચિત જાતિ (એસ.સી.) હેઠળ સમાવેશ થયેલ છે તેવા તમામ અરજદારોને સંબંધિત સક્ષમ અધિકારી શ્રી દ્વારા આપવામાં આવેલ જાતિ અંગે નું પ્રમાણપત્ર રજૂ કર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે.

→ જે અરજદારોને વીજ જોડાણ આપવા માટે જે વિસ્તારમાં નવીન વીજ રેષા નાખવા પડે તેવા કિસ્સાઓમાં, જે વિસ્તારમાં આવા અનુસૂચિત જાતિ (એસ.સી.) અરજદારોના કુટુંબની વસ્તી, તે વિસ્તારની વસ્તીના ૪૦% અથવા વધુ હોવી જરૂરી છે.

→ સદર યોજનામાં આવક-મર્યાદા નથી.

→ અરજીની નોંધણીનું સ્થળ : સંબંધિત પેટા-વિભાગીય કચેરી.

૪. સામાન્ય વિકાસ યોજના :

→ અરજી નોંધણી કરાવ્યેથી, માંગેલ વીજભાર મુજબ ફિક્સ ચાર્જ, એનર્જી ડીપોઝીટ અને વીજ સ્થાપનન વાયરીંગનો ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ભર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે.

→ જે અરજદારોનું ઘર ખુદની માલિકીના ખેતરમાં હોય અને હયાત હળવા દબાણના વિજ થાંભલાથી ૩૦ મીટર મર્યાદામાં ન આવતા હોય તેવા તમામ અરજદારો, મહેસુલી દસ્તાવેજો જેવા કે ૭/૧૨, ૮/અ, હક્કપત્રક વગે માલિકીના પુરાવા આપ્યા બાદ તાંત્રિક મંજૂરીના આધારે ખરેખર થતો ખર્ચ અથવા રૂા. ૧ લાખ બે માં થી ઓછુ હોય તે અરજદારે ભરપાઇ કરવાનો રહેશે અને તદઉપરાંતનો ખર્ચ એમ.જી.વી.સી.એલ. કંપની દ્વા ભોગવવામાં આવશે.

→ અરજીની નોંધણીનું સ્થળ : સંબંધિત પેટા-વિભાગીય કચેરી.

નોંધ :(૧) સામાન્ય વિકાસ યોજના સિવાયની તમામ યોજનાઓમાં વિના મૂલ્યે ઘરવપરાશ હેતુ માટેના વીજ જોડા આપવામાં આવે છે. તદઉપરાંત વીજ જોડાણ મળ્યા બાદ વીજ વપરાશનું વીજ બિલ ગ્રાહકે ભરવાનું રહેશે.

(૨) દસ્તાવેજો ની પુર્તતા : (અ) ગામતળ/શહેરી વિસ્તાર : ફોટો ઓળખપત્ર અને ઘર ની વેરાપાવતી/ ઘર કાયદેસર ની માલિકી નો પુરાવો

(બ) ખેતી વિષયક જમીન : ૭/૧૨, ૮/અ, હક્કપત્રક અને ઘર ની વેરા પાવતી/ ઘ ની કાયદેસર ની માલિકી નો પુરાવો

ઉપરોક્ત યોજનાઓને સમજી, જાહેર કરાયેલ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે. વ માહિતી તથા માર્ગદર્શન માટે આપના વિસ્તારની સ્થાનિક પેટા-વિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી નો સંપર્ક કર જણાવવામાં આવે છે.

મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ)
મ.ગુ.વી.કં.લી., મુખ્ય કચેરી, વડોદર